સુરત મહાનગરપાલિકા
# કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય
અઠવાલાઈન્સ, સુરત.
ફોન નં. (૦૨૬૧) ૨૬૬૫૮૭૩, ફેક્સ નં. (૦૨૬૧) ૨૬૬૮૪૨૬
URL:www.suratmunicipal.gov.in, e-mail: nclsmc@gmail.com

એપેલેટ ઓફિસર અને ગ્રંથપાલ, | પ્રથમ અપીલ અરજી
કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય, | નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૦૧
અઠવાલાઈન્સ, સુરત. | તા. /૦૧/૨૦૨૪

અરજદાર : શ્રીતલ્હા ચાંદીવાલા, સુરત.
સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને લાય.ટેક.આસી.શ્રી એમ. વી. પટેલ, ક.ન.મ.પુસ્તકાલય, સુ.મ.પા.

**ફરીયાદની હકીકત :**

વિષય : રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ, ૨૦૦૫ હેઠળની અરજદાર શ્રીતલ્હા ચાંદીવાલા, સુરતની તા.૨૦/૦૯/૨૦૨૩ ની અરજી અત્રેની કચેરીનો આઈ.ડી.નં.૬, તા.૦૫/૧૦/૨૦૨૩ અંગે માહિતી મેળવવા બાબત

સંદર્ભ : (૧)અરજદારની તા.૦૫/૧૨/૨૦૨૩ની પ્રથમ અપીલ અરજી નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૦૧
(૨)અત્રેની કચેરીનો તા.૧૨/૧૨/૨૦૨૩નો પત્ર નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૦૧

(૧) ઉપરોકત વિષયે આર.ટી.આઈ. એકટ હેઠળ અરજી કરનાર અરજદારશ્રી તલ્હા ચાંદીવાલા , સુરતના એ રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ, ૨૦૦૫ હેઠળની તા.૨૦/૦૯/૨૦૨૩ની અરજી અત્રેની કચેરીનો આઈ.ડી.નં.૬, તા.૦૫/૧૦/૨૦૨૩ થી માહિતી મેળવવા જાહેર માહિતી અધિકારી અને લાય.ટેક.આસી. શ્રી એમ. વી. પટેલ, ક.ન.મ.પુસ્તકાલય, સુરતની કચેરીમાં અરજીકરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને લાય.ટેક.આસી. શ્રી એમ. વી. પટેલ, ક.ન.મ.પુસ્તકાલય તરફથી અરજદારને આપવા જોગ માહિતી તા.૨૦/૧૦/૨૦૨૩ના પત્રનં.ન.મ.પુ./આર.ટી.આઈ./જા./૦૬/૧/૨ થી માહિતી આપવામાં આવેલ છે.

(૨) અરજદારશ્રી ધ્વારા તા.૫/૧૨/૨૦૨૩ના રોજ પ્રથમ અપીલ અધિકારી,નાગરિક સુવિધા કેન્દ્ર,સુરત મહાનગરપાલિકા ,મુગલીસરા સુરતને ઉદ્દેશીને કરવામાં આવેલ જાહેર માહિતી અધિકારી અને એકિઝ.આસી. એન્ડ મેનેજર,નાગરિક સુવિધા કેન્દ્ર,સેન્ટ્રલ ઝોનનો પત્ર નં.સી.સી.સી./સી.ઝેડ/આઉટ/૪૪૩,૦૬/૧૨/૨૦૨૩થી અન્ય વિષયો સહિત અત્રેના વિભાગને તબદીલ કરેલ,જે તા.૦૯/૧૨/૨૦૨૩ના રોજ મળેલ છે.અરજદારશ્રીએ ‘તમામ જાહેર માહિતી અધિકારીઓ ધ્વારા અમોને નિયત સમયગાળો દિન–૩૦માં માહિતી અધિકારી ધ્વારા આપવા મુજબની માહિતી આપેલ છે માગ્યા મુજબની માહિતી મળેલ નથી,અધુરી માહિતી મળેલ છે.ખોટી માહિતી મળેલ છે અને આજદિન સુધી કોઈ યોગ્ય જવાબ કે માહિતી મળેલનથી.’ તેમ કારણ જણાવી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ છે.

(૩) અરજદારશ્રીની નમુના–ક ની મુળ અરજી,ઉકત વિગતોની અપીલ અરજી તથા તેને સંલગ્ન પેપર્સોનો અભ્યાસ કરતાં અરજદારશ્રીએ તા.૨૦/૦૯/૨૦૨૩ (આઈ.ડી.નં.૧૫૭૬)થી જાહેર માહિતી અધિકારી સુરત મહાનગરપાલિકા,મુગલીસરા,સુરતને ઉદ્દેશીને કરેલ નમુના –ક ને કરેલ અરજી જા.મા.અ. અને પ્રથમ શ્રેણી કલાર્ક,મધ્યસ્થ કચેરી,સુરત મહાનગરપાલિકાના પત્ર નં.સી./આર.ટી.આઈ./૩૪૪,તા.૦૩/૧૦/૨૦૨૩થી અન્યવિભાગો સહિત અત્રેના વિભાગને આંશિક તબદીલ કરવામાં આવેલ.જે નમુના–કની અરજીથી ‘સુરત મહાનગરપાલિકાના કમિશનરશ્રી ધ્વારા ઘી.બી.પી.એમ.સી. એકટની લાગુ કલમ/પેટાકલમથી કમિશનરને આપેલ તમામ સત્તા(પાવર્સ)પૈકીની સત્તા(પાવર્સ) તેમના તાબા હેઠળના અધિકારીઓને/કર્મચારીઓને સુ.મ.પા.નાં વહીવટી હેતુસર આજ–દિન સુધીના તમામ સુપ્રત કરેલ/સોંપેલ/આપવામાં આવેલ DP POWERS ની માહિતીની પ્રમાણિત નકલ આપવી'.તે બાબતની માહિતી માંગેલ હોવાનું જણાય છે.

(૪) અરજદારની ઉકત નમુના–કની અરજીથી માંગેલ માહિતી પરત્વે જા.મા.અધિ.વિભાગ ધ્વારા પત્ર નં.ન.મ.પુ./આર.ટી.આઈ./જા./૦૬,તા.૨૦/૧૦/૨૦૨૩થી નકલ ફી જમા કરાવવા અંગે જણાવતા અરજદાર ધ્વારા ૨.નં.૩૦૦/૧૪૯તા.૨૬/૧૦/૨૦૨૩ના રોજ જરૂરી ફી સેન્ટ્રલઝોનમાં જમા કરાવતા અત્રેની કચેરીના ગ્રંથપાલ અને જુની.ગ્રંથપાલને સુપ્રત કરવામાં આવેલ પાવર ડેલીગેશનની પ્રમાણિત નકલ પુરી પાડવામાં આવેલ છે.તથા તે મુજબનો સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાય છે.

(૫) ઉપરોકત બાબતે અરજદારશ્રી ધ્વારા સંદર્ભ (૦૧) હેઠળના રોજ અરજી સાથે જાહેર માહિતી અધિકારીઓની લીસ્ટ બિડાણ કરી પ્રથમ અપીલ અરજી દાખલ કરેલ,જેમાં જણાવ્યા મુજબ ‘અરજી સંબંધે મુદ્દા નં.૧ માં માહિતી પુરી ન પાડી પોતાના વિભાગની અતિ મહત્વની માહિતી છુપાવીછે અમોને માત્ર હેરાન કરવાના કારણોસર માહિતી આપેલ નથી,નિયમ સમય મર્યાદામાં કે બાદમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા કોઈ માહિતી કે પ્રતિભાવ પાઠવવામાં ના આવતા નિયમો અનુસાર વિનામૂલ્યે માહિતીની નકલો મેળવવા અપીલ કરેલ છે. મુદ્દા નં.૧થી માંગેલ માહિતી ખુબજ મહત્વની હોવા છતાં જા.મા.અધિકારીએ અમોને પૂર્વ યોજના મુજબ આજદિન સુધી કોઈપણ માહિતી આપેલ નથી તેમજ માહિતી ના જવાબો ન આપી ગેરમાર્ગે દોરવામાં આવી રહયો છે. અને જા.મા.અધિકારીએ માહિતી અધિકારનો

..૨..

અનાદર કરેલ છે અને કાયદાનું પાલન કરવામાં કોઈપણ દેખીતા કારણ વગર નિષ્ફળ ગયા છે માંગવામાં આવેલી માહિતી હજુ સુધી મળી નથી સાચી માહિતી નહીં આપવાની બાબત વિભાગમાં થયેલ ભ્રષ્ટાચારને ઉજાગર કરવામાં આવે તો સ.મ.પા.ની તિજોરીને થયેલ નુકશાની પણ ખુલ્લી પડે તેમ છે.વધુમાં, સદર માહિતી આપવા જાહેર માહિતી આપવા જા.મા.અધિકારીને માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ની કલમ :૭(૬)હેઠળ દિન :૭ માં વિનામૂલ્યે આપવા અને ભવિષ્યમાં માહિતી અધિકાર અધિનિયમ:૨૦૦૫ અન્વયે આવતી માહિતીની અરજી અંગે કાયદાનું યોગ્ય અને સમયસર પાલન કરવા જા.મા.અધિકારીને હુકમ કરશો તથા માહિતી કયાં કારણોસર આપી નથી તેનું ખુલાસો કરવાં હુકમ અંગેની દાદ માંગવામાં આવેલ છે.

(૬) અરજદારની ઉકત પ્રથમ અપીલ બાબતે અરજદાર શ્રીતલ્હા ચાંદીવાલા તથા જાહેર માહિતી અધિકારી અને લાય.ટેક.આસી. શ્રી એમ. વી. પટેલને, એપેલેટ ઓફિસર અને ગ્રંથપાલ, ક.ન.મ.પુસ્તકાલય, સુરતની કચેરીમાં તા.૨૩/૧૨/૨૦૨૩નાં રોજ બપોરે ૧૨.૦૦કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા સંદર્ભ (૦૨) હેઠળના અત્રેનાં પત્રથી જણાવવામાં આવેલ. જેનાં અનુસંધાને ઉકત તારીખે અને સમયે પ્રથમ અપીલ અંગેની રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી તલ્હા ચાંદીવાલા હાજર ન હતા. પરંતુ તેઓને વધુ એક તક આપવા માટે અરજદારને ટેલિફોનીક ધ્વારા તા.૦૨/૦૧/૨૦૨૪ના રોજ અત્રેની કચેરી ધ્વારા બીજી એક તા.૦૪/૦૧/૨૦૨૪ના દીને બપોરે ૦૪.૦૦કલાકે પોતાનો પક્ષ રજુ કરવા તારીખ મુકરર કરવામાં આવેલ. જેના અનુસંધાને ઉકત તારીખે અને સમયે પ્રથમ અપીલ અંગેની બીજી વખતની રૂબરૂ સુનાવણીમાં અરજદાર હાજર રહયા ન હતાં જયારે જાહેર માહિતી અધિકારી અને લાય.ટેક.આસી. શ્રી એમ. વી. પટેલ અને એપેલેટ ઓફિસર અને ગ્રંથપાલ હાજર રહેલ. અરજદારશ્રીને શ્રી એમ.વી.પટેલ, લાય.ટેક.આસી. અને જાહેર માહિતી અધિકારીએ પાઠવેલ જવાબી પત્ર અને મોકલેલ માહિતીથી સંતુષ્ટ થયા હોય,એમ માની અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની મૂળ અરજી,સંદર્ભ (૧) થી (૬)ને ધ્યાને લેતા પ્રથમ અપીલ અરજી અન્વયે નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

અરજદારની મૂળ અરજી, પ્રથમ અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં, પ્રથમ અપીલ અરજી નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૦૧, તા.૦૫/૧૨/૨૦૨૩ બાબતે નીચે મુજબનો હુકમ કરી, પ્રથમ અપીલનો નિકાલ કરવામાં આવે છે.

'અરજદારશ્રીતલ્હા ચાંદીવાલાની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતીઓ પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારશ્રીને જવાબી પત્ર પાઠવવામાં આવેલ હોય,અપીલ અંગે રૂબરૂ મુલાકાત દરમ્યાન અરજદારને બે વાર તક આપવા છતા ગેરહાજર રહેલા હોય અને અરજદારને જાહેર માહિતી અધિકારી અને લાય.ટેક.આસી.ની તરફથી મોકલેલ જવાબીપત્ર નં.ન.મ.પુ./આર.ટી.આઈ./જા./૦૬,તા.૨૦/૧૦/૨૦૨૩થી અત્રેની કચેરીને લાગત આંશિક માહિતીની નકલ અરજદારશ્રીને પુરી પાડેલ હોવાનું જણાતું હોય, અરજદારશ્રીની અપીલ અરજી પરત્વે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી હોવાનું જણાતું ન હોય,સદર પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

પ્રથમ અપીલનાં હુકમ કે તેની અમલવારી બાબતે આપ નારાજ કે અસંતુષ્ટ હોય તો આર. ટી. આઈ. એકટનાં કાયદાની કલમ ૧૯ (૩) હેઠળ ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન", બ્લોક નં. ૧, બીજોમાળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦–એ, ગાંધીનગરને પ્રથમ અપીલનાં હુકમથી દિન –૯૦ માં નામદાર આયોગશ્રીને બીજી અપીલ કરવા અંગેની જોગવાઈ છે

(એસ.. એમ. શાહ)
એપેલેટ ઓફિસર અને ગ્રંથપાલ
ક.ન.મ.પુસ્તકાલય
સુરત મહાનગરપાલિકા

નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/જા./૦૧/
તા. ૦૬ /૦૧/૨૦૨૪

પ્રતિશ્રી,
(૧) ન. ર. : શ્રી તલ્હા ચાંદીવાલા, સુરત પ્રતિ, જાણ સારૂ.....
(૨) ન.સા.ર. : જાહેર માહિતી અધિકારી અને એકિઝ. આસી. એન્ડ મેનેજરશ્રી ,(સેન્ટ્રલ ઝોન)પ્રતિ, જાણ સારૂ.....
(૩) ન. ર. : જાહેર માહિતી અધિકારી અને લાય. ટેક. આસી.શ્રી એમ. વી. પટેલ, પ્રતિ, જાણ સારૂ.....